# હરતીફરતી નૌકાઓ : બ્રિટનમાં ગુજરાતીપણાની | હરીશ પંડિત

[**બ્રિટનમાં ગુજરાતીઓ** : પ્રવીણ ન. શેઠ અને જગદીશ દવે, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર, પૃષ્ઠ ૨૧૬, કિં. રૂ. ૧૬૫/-]

મૂળસોતાં ઊખડેલા તંદુરસ્ત છોડવા અન્ય ભૂમિમાં રોપાય તો કયા પરિબળ અને કેવા પર્યાવરણથી પાંગરે એ વાત બ્રિટનમાં જઈ વસેલા ગુજરાતીઓના સંદર્ભે વિસ્મય અને વિચારનો યુગપ્રશ્ન બની રહ્યો છે.

આવો નવવસાહતી સમુદાય ત્યાં જઈનેય મૂળ સમુદાયનું જીવંત દર્પણ બની રહે તો કઈ રીતેભાતે : એનું આ પુસ્તક ફળદ્રુપ ફ્રેમવર્ક (ડૉ. પ્રવીણ શેઠ, ડૉ. જગદીશ દવે) રૂપે ઊપસી આવ્યું છે. કુટુંબનું માળખું, જ્ઞાતિપ્રથા, ધાર્મિક આચારવિચાર, આહાર-વિહારની ટેવો, કારકિર્દી માટે સભાનતા, જૂની પેઢી અને નવી પેઢી – ઇત્યાદિ વિશેના, સવિશેષ જીવનપદાર્થ પરત્વેના દૃષ્ટિકોણથી, આવી તપાસ વર્તમાન યુગની અપેક્ષા બને. ગુજરાતીઓ સાહસિક, પરિવર્તનશીલ, સહિષ્ણુ અને સમજદાર એ બધું ખરું પણ આવાં પુસ્તકોને વૈશ્વિકીકરણના સંકેતરૂપે પણ જોઈ શકાય : હજી ત્યાંના સાહિત્યમાં વતનઝુરાપો, ખેંચતાણ, ઓળખ અને અસ્મિતા, દિશાભેદનાં નોકઝોક જેવાં સંકુલ સંવેદનો ક્યાં કંડારાયાં છે ? એટલે –

અહીં કુલ્લે ૨૧ પ્રકરણો વત્તા બે પરિશિષ્ટો છે. રસ પડે (અને ક્યાંક ચોંકાવે એવાં) પ્રકરણો આટલાં છે – ગુજરાતી ડાયસ્પોરાની નિર્માણપ્રક્રિયા, 'પીપલ' (પીપળાનું પાન) – નારીનું શક્તીકરણ, વૃદ્ધો અને નવી પેઢી, સમાજજીવન અને ભાષાવિકાસ, બ્રિટનમાં સંગીત, નૃત્ય, નાટ્યાદિ અને વિશિષ્ટ વ્યક્તિત્વો (સેલિબ્રિટિઝ) બસ ! સમીક્ષા, પરિપ્રેક્ષ્ય અને પ્રક્ષેપનાં દૃષ્ટિબિન્દુઓ સાથે સંમત થઈએ, ન થઈએ એવું બને...

બ્રિટિશ સરકારે બ્રિટિશ પાસપોર્ટ ધરાવનાર ભારતીયો માટે શરૂઆતની રહેવા-જમવાની વ્યવસ્થા કરી આપી. એ પછી પ્રદેશલક્ષી સંગઠનો રચાયાં, ઉત્સવો યોજવા સાથે સમાજમિલનોની ભૂમિકા ત્યાં સ્વામીઓ અને સંતોએ ઊભી કરી, પાટીદારોનો પ્રભાવ સારો એવો રહ્યો, તહેવારોની ઉજવણી અને કથાકારોનાં પ્રવચનોએ ગુજરાતીપણાને સાંસ્કૃતિક ઓપ આપ્યો (જેનાથી એકલતાનો ભાવ ઓગળવા લાગ્યો) અને આમ પરિવર્તનની જીવંત પ્રક્રિયા બ્રિટનમાં શરૂ થઈ. આનો પ્રતિભાવ જોઈએ : ''સાંજના સમયે ઘેરેઘેરથી ઊઠતી રસોઈની સોડમ, વઘારનો છમકાર અને મસાલાની સુવાસ સર્વરસોથી વાતાવરણને (અને મોઢાને) ભરી દેતાં.'' – અન્નબ્રહ્મનો મહિમા તો ઉમાશંકરે પણ ક્યાં નથી સ્વીકાર્યો ? ક્યાંક, વૅમ્બલી કે સાહઉથહૉલમાં આવા ટહૂકાય સંભળાય, 'વીણાબહેન, અમદાવાદમાં પૉલ્યુશનનું એવું જ છે કે સી. એન. જી. આવી ગયું ?' ન ટહૂકે તો એ ગુર્જર કોયલ નહિ ! લઘુ ગુજરાત(વેમ્બલી)માં આવી વાતચીત તો અત્ર તત્ર સર્વત્ર... અલબત્ત, બ્રિટિશ ભારતીયોના સક્રિય પરિબળ તરીકે પટેલો ઉપરનું પ્રકરણ જીવંત બની આવ્યું છે.

પવિત્ર વૃક્ષ તરીકે જાણીતા પીપળાને 'પીપલ સેન્ટર' રૂપે નારીના સશક્તીકરણ માટે અહીં ઠીક યાદ કરાયો છે. જે હિન્દી મહિલાઓને પરાયાપણું લાગતું હતું તેમને માર્ગદર્શન આપનાર, ઘરેલુ હિંસાનો ભોગ બનતી સ્ત્રીઓને રક્ષણ આપનાર અને કૌટુંબિક કલહમાંથી ઉગારનાર અપૂર્વ સંસ્થા (ચીફ એક્ઝિક્યુટિવ રીટાબહેન)ની વાત અહીં વિગતે થઈ છે. ગુજરાતીઓને



કારણે યુ. કે.ના અર્થતંત્રને ખૂબ 'ફાયદો' (લાભ નહિ પણ) થયો છે એનો ઉલ્લેખ કરીને લેખકે ચિંતાજનક ટકોર ટિપ્પણી કરી છે, ''– અમારાં બાળકોને ગોરા લોકોના સંસ્કારોનું ગ્રહણ લાગ્યું'' – અહીં 'સંસ્કાર' પ્રયોગ જરા વિસ્મયજનક નથી ? અધૂરામાં પૂરું, અનાયાસપણે નીતરતા આવા નિસાસા આપણને (અમદ વત્તા અવાદ = અમદાવાદના રહીશોને) તો ઊલટો અજંપો જન્માવે : 'કોઈ (સંતાનોમાંનાં) પોતાનાં કૉલેજમિત્રોને લાવે, સીધાં ઉપર જતાં રહે અને ત્યાંથી ચાપાણી કરશો ? – રૂપે હુકમ આપે. અર્થાત્ સરકારી રહેઠાણ મળે, વેલફેર બેનિફિટ મળે ત્યાં સુધી ઠીક, નહિતર આવાં ''સૂકાં બરડ પાન'' (વૃદ્ધવર્ગ) વતનભેગાં થઈ જવાનું જ પસંદ કરે ! (માથેરાનમાં આવું એક ઘરડાંઘર ઊભું થયાની વિગત અહીં છે જ અને હવે તો બધે જ) ટૂંકમાં બધું સુષ્ઠુ સુષ્ઠુ નિરૂપણ પામ્યું નથી, થોડે શિકવે, થોડી શિકાયતેં, થોડી બાત, મુલાકાત, ઇત્યાદિ !

બ્રિટનમાં ગુજરાતી ભાષાના શિક્ષણ વિશે અને ગુજરાતી સર્જકોની સર્જનસિદ્ધિ પરત્વે સત્ત્વશીલતા તરફના પ્રયત્નો જરૂર થયા છે : આ પુસ્તકમાં નામોલ્લેખ સાથે વિગતવાર (પૃ. ૧૪૩–૧૪૪) એની યથાતથ તસવીર મળે છે પણ લેખકોની ફરિયાદ ઊભી જ છે : ''બે પેઢીઓ વચ્ચેના સંઘર્ષોને નિરૂપે, આર્થિક-સામાજિક-ભાષાકીય (કલાકીય તો ક્યાં ?) મુદ્દાઓને ખ્યાલમાં રાખે, વ્યક્તિસ્વાતંત્ર્ય અને સ્ત્રીસમાનતા અને આંતરજ્ઞાતીય લગ્નો વિશે કાંઈ લખાયું નથી. (પૃ. ૧૪૦) એટલે પેલું મેણું તો હજી ઊભું જ છે (પૃ. ૧૪૨) કે ગુજરાતીઓ ચોપડાપ્રિય છે, ચોપડીપ્રિય નથી ! અલબત્ત ગુજરાતી સાહિત્યની વિકાસરેખામાં એક નોંધપાત્ર પ્રકરણ તરીકે આ ચર્ચા સ્થાન પામશે જ. શા માટે સર્વશ્રી વિપુલ કલ્યાણી ('અસ્મિતા') અને ભાનુશંકર વ્યાસ, બળવંત નાયક, ડાહ્યાભાઈ પટેલ, યોગેશ પટેલ, ઇત્યાદિનું પ્રદાન મૂલ્યવાન રહ્યું છે. હા, વાચકો સાથેનો સેતુ 'ગુફ્તેગો' અને 'એતાનશ્રી' દ્વારા મધપૂડા રૂપે જળવાઈ રહ્યો છે.

ડાયસ્પોરા (નવવસાહતીઓ)ના આકાશમાં ક્યાંક શુક્રતારકો વિલસે છે : લૉર્ડ ભીખુભાઈ પારેખ, જેમણે ઇરાક સામેના યુદ્ધનો વિરોધ કરવા ઠંડીમાં ઠૂંઠવાઈને પણ પ્રોફેસરો સાથે રેલી કાઢી વિરોધ નોંધાવ્યો. સર જી. કે. નૂન, લૉર્ડ નવનીત ધોળકિયા, ડૉ. રાએલ ડવાપર, ચંદુભાઈ મદાણી, રમેશ પટેલ, સી. બી. પટેલ વગેરે ઉપર્યુક્ત નવવસાહતના કર્મશીલ અગ્રણીઓ છે અને એ રીતે લેખકોએ સમુચિત ઋણસ્વીકાર અહીં કર્યો છે. માત્ર અપેક્ષા એ રહી કે નવી પેઢી અને જૂની પેઢી વચ્ચેનો પેઢીભેદ (જનરેશન ગૅપ) નિવારવાનાં સૂચનો અને તત્કાલીન પરિવેશને સ્પર્શતાં કાર્યકારણની સંતર્પક ચર્ચા જાણે મન મૂકીને થઈ નથી, થઈ શકી હોત એટલા માટે કે અસંખ્ય મુલાકાતો (કવિતા / આરતી / તિતિક્ષા / ઇત્યાદિની) અહીં અછડતા ઉદ્ગારો સાથે મળે છે પરંતુ બૃહદ્ પશ્ચિમી સમાજમાં મોટા થવું એ સમસ્યા જ બની રહી છે. કદાચ લેખકોએ પણ આ સમસ્યા વિશે સમાજશાસ્ત્રીઓ અને સામાજિક કાર્યકરો પ્રતિ અપેક્ષા વ્યક્ત કરી છે – હવે આ બિલાડીના ગળે ઘંટ કોણ બાંધશે ?

હિન્દુત્વનાં વર્ણન અને વિશ્લેષણ માટે લેખકોએ (પૃ. ૯૭–૧૦૭) જેટલાં પૃષ્ઠો ફાળવ્યાં છે તે ઉચિત થયું છે. 'કુછ બાત હૈ કિ હસ્તી મીટતી નહિ હમારી' (કવિશ્રી ઇકબાલ)નું રહસ્ય અહીં બૌદ્ધિક દૃષ્ટિકોણથી સવિગત કરાયું છે. આની શરૂઆત દેવદેવીઓનાં ચિત્રો અણઘડ અને અપમાનજનક રીતે (એટલે સુધી કે અંતઃવસ્ત્રો અને જૂનાં ઉપર છાપીને) છપાય તે સામેના સંગઠિત વિરોધથી થઈ. આ માટે બ્રિટનમાં ગુજરાતી અખબારો (શ્રી સી. બી. પટેલના ઉલ્લેખ

સહ)ની યોગ્ય નોંધ લેવાઈ છે. હિન્દુ સંસ્કૃતિનાં સંચારકેન્દ્રો બન્યાં મંદિરો : ફેંકી દેવાયેલ કચરો રિસાઇક્લિંગની પ્રક્રિયાથી અન્ય સ્વરૂપમાં ફેરવાયો અને તેમાં સેવા લેવાઈ બાળકોની ! એ રીતે મંદિરોનો મહિમા અહીં વધ્યો. આ સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની જે રીતે (ક્યાંક ટીકા પણ) નોંધ લેવાઈ છે – જેમાં સરસ કુટુંબ બની રહે તેવી આબોહવા – અને (૧) પ્રતિષ્ઠિત દ્વિઅર્થી સંવાદોવાળાં એવું સ્પષ્ટ વર્ગીકરણ થયું છે તે જરૂરી પણ હતું. ‘એક કોચલું જ બંધાઈ ગયું છે જાણે –’ એવો ઉદ્‌ગાર તો કોને અને ક્યાં લાગુ નથી પડતો ? નિઃસંશય આ પરત્વે તદ્‌વિદો (ભોળાભાઈ, પ્રીતિજી, પન્ના નાયક) સાચાં ઠરશે. શ્રી પ્રવીણ શેઠ અને જગદીશ દવેને આ પુસ્તક બદલ આદરભરી સલામ સાથે વિક્રમ શેઠના શબ્દોમાં સમાપન કરીએ : I Know The Whole World / Means The exile of our breed... ઇન – બિટવિનનેસથી હોમલીનેસનું રહસ્ય કદાચ અહીં છુપાયું હોય ! ગુજરાતી સાહિત્ય અકાદમી (ગાંધીનગર) આ રીતે ભારતની બહાર વિદેશોમાં પણ ડોકિયું કરે-કરાવે છે એની દિવાળી ટાંકણે વધારાણી ! બ્રિટન, હૅપી ન્યૂ ઇયર....

r